જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૩/૨૦૨૩ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૨૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૯૪ લીટર દેશી દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૭,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૨૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૪૨૨/૨૦૨૩

**અમરાઇવાડીઃ** જ્ઞાનેન્દ્ર હોસલાપ્રસાદ મિશ્રા (રહે. શિવાનંદનગર મ્યુનિસિપલ સ્કુલ સામે સત્યમનગર અમરાઇવાડી) એ તા.૦૯/૦૩/૨૦૨૩ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૩/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી રાતના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કબાટમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭,૦૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ગૌસ્વામી ચલાવે છે.

## સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૪૨૩/૨૦૨૩

**ઓઢવઃ** શર્મિષ્ઠાબહેન વા/ઓ કનુભાઈ શાહ (ઉ.વ.૬૦) (રહે. અરીહંતબાગ સોસાયટી આદીનાથનગર ઓઢવ) તા.૦૯/૦૩/૨૦૨૩ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ વિરાટનગર રોડ તેજેન્દ્રવિહાર સોસાયટી નજીક ફરકી લસ્સી દુકાન સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના સ્પોર્ટ્સ પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શર્મિષ્ઠાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શર્મિષ્ઠાબહેન શાહ એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૨૪૨૦૨૩**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** વિનીત સ/ઓ મહેશ કાપડીયા (ઉ.વ.૨૦) (રહે. રાધે બંગ્લોઝ પાર્ટ-૨ ખોખરા સર્કલ પાસે મણિનગર ઇસ્ટ) એ અગમ્ય કારણસર તા.૦૯/03/૨૦૨૩ બપોરના ૨/00 વાગ્યા પહેલા ઇન્દીરાબ્રિજ નીચે છઠ્ઠ પુજા ઘાટ પાસે વોક-વે નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઇ પ્રેમજીભાઇ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** દિનેશસિંહ અજ્વીરસિંહ રાજપૂત (ઉ.વ.૪૫) (રહે. મધુવન ગ્લોરી ધરણીધર વિલાની બાજુમાં નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૯/03/૨૦૨૩ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અશ્વિનભાઇ રામજીભાઇ ચલાવે છે.

**સરદારનગરઃ** સીમાબહેન ડો/ઓ શિવાભાઇ મારવાડી (રહે. નહેરૂનગરના છાપરાં કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/03/૨૦૨૩ સાંજના ૭/3૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અનિલકુમાર રાધેશ્યામ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી